ગાંધીનગર સમાચાર

તા. ૧૩-૧-૨૦૧૨, રવિવાર

## તંત્રી સ્થાનેથી.....

### શું ગુજરાતનો સિધ્ધરાજ સોલંકી પછીનો બીજો સુવર્ણયુગ શરૂ થઇ ગયો છે કે પછી આ કોઇ કવિની ભવ્ય ફેન્ટસી છે...!!

નર્મદ કવિ હતો અને નરેન્દ્ર મોદી પણ રીઢા રાજકારણી હશે એટલા જ સારા કવિ પણ છે. અટલબિહારી વાજપેયી સાથે એમની સરખામણી માટેના ત્રણ મહત્ત્વનાં મુદ્દા છે : એક તો તેઓને પોતાનો કહેવાય એવો ઘરસંસાર નથી, બીજું - તેઓ ફાંકડી, શ્રોતા સમુદાયને મંત્રમુગ્ધ કરી દે તેવી વાકૂછટા ધરાવે છે અને ત્રીજી બાબત છે એ કે વાજપેયીજીની જેમ મોદીજી પણ કવિતા લખી જાણે છે, એમનું છટાદાર ભાષણ પણ કવિતાની છાંટવાળુ હોય છે. નર્મદ અને નરેન્દ્ર મોદીની રાશિ એક છે તો વળી સ્વામી વિવેકાનંદનું તો મૂળ નામ જ નરેન્દ્ર હતું. જો કે સ્વામી વિવેકાનંદને અમેરિકા ગયા પછી ખ્યાતિ સાંપડેલી જયારે નરેન્દ્રભાઇને અમેરિકામાં પ્રવેશબંધી ફરમાવાઇ છે. એમણે ગુજરાતમાં જ સવાયું અમેરિકા સર્જવાની પ્રતિજ્ઞા કરી છે. સુભાષિતકાર કહે છે : રાજા કાલસ્ય કારમણ્. સમય રાજાને અનુસરતો હોય છે. નરેન્દ્ર મોદી લોકશાહીમાં પ્રજાએ બનાવેલા રાજા છે અને તેઓ સમય રૂપી અશ્વ પર સવારી કરવાની કળા જાણે છે. ગુજરાતનાં આંગણે આખી દુનિયાના શ્રેષ્ઠી-મહાજનોને ઘૂંટણિયે પાડવામાં એમણે મળી છે એથી સોમા ભાગની સફળતા આજ સુધી કોઈ મુખ્યમંત્રીને નથી મળી, એ એક ટકોરાબંધ સત્ય છે. ગુજરાતને ગાંધી અને સરદારની ભૂમિ કહી એક આદર્શ ભૂમિકાએ જરૂર મૂકવામાં આવતું પરંતુ ગુજરાત કયારેક વિશ્વનું થનગનતું ઉદ્યોગ કેન્દ્ર બની રહેશે, એવી કલ્પના તો કદાચ કોઈ કસ્તુરભાઈ લાલભાઈ જેવા શ્રેષ્ઠીઓ કરી હોય તો કરી હોય. પરંતુ વિજયની હેટ્રિક લગાવીને એ વિજયોત્સવ સ્વરૂપે વાઈબ્રન્ટ ગુજરાત-૨૦૧૩નું આટલું ભવ્ય આયોજન કરવાની કુશળતા કોઈ રાજકારણીમાં હોય, એવું તો સ્વપ્ને પણ ન વિચારી શકાય. તાતા અને અંબાણીથી લઈ દુનિયાભરના ધનકુબેરો નરેન્દ્ર મોદીનો પડ્યો બોલ ઝીલવા ટાંપીને બેઠા હોય તો ગુજરાતની છ કરોડ પ્રજાએ એનું ગૌરવ જ લેવું રહ્યું.

ગાંધીનગર અને મહાત્મા મંદિર : બેઉ સાથે ગ્રામસમાજ અને રામરાજયની ગરીબડી કલ્પના લઈ જીવેલા અકિંચન રાષ્ટ્રપિતાનું રેંટિયાછાપ સ્મરણ સંકળાયેલું છે. નરેન્દ્ર મોદીએ એ રેંટિયાને વૈશ્વિક ચક્રની ઊંચાઈ આપવાનો પુરૂષાર્થ કર્યો છે. અગાઉની વાઈબ્રન્ટ સમિટમાં ઉદ્યોગપતિઓ દ્વારા બતાવાયેલી આમલી-પીપળી વિશે પણ મોદીએ ખાસ્સી જાગૃતિ દાખવી છે. ગુજરાતનો નવો વાઈબ્રન્ટ અવતાર એ વિશ્વસત્તા બનવા ભણી અગ્રેસર થઈ રહેલાં ભારત માટેનું હાથવગું મોડેલ બની રહેશે. નરેન્દ્ર મોદીના વાઈબ્રન્ટ ગુજરાતની સ્પર્ધા ભારતના કોઈ રાજય સાથે નહીં પરંતુ સીધી જ જાપાન અને અમેરિકા સાથે હશે. આ રળિયામણી ઘડીએ કયારેક મન ચકરાવે ચડી જાય એ સ્વાભાવિક છે. હજી ગુજરાતમાં ગરીબી છે, ગરીબો છે. મધ્યમ વર્ગ ઉચ્ચ મધ્યમવર્ગ ની રહ્યો છે, હજી અહીં જ્ઞાતિવાદ અને સંપ્રદાયવાદના પડઘા સંભળાય છે, કટ્ટરપંથી વિચારાધારાને રાજયસત્તા સાથે સાંકળવા માટેનાં કારણો હજી મળી આવે છે, પરંતુ છતાં દુનિયા આખી ફાટી આંખે ગુજરાતની હરણફાળ નિહાળી રહેલાં મોદીના વિરોધીઓ પણ એટલું તો જરૂર કબૂલશે કે આ કોઈ કવિની ફેન્ટસી નથી; ગુજરાત એના અભિનવ સુવર્ણયુગમાં પ્રવેશી ચૂક્યું છે. જય જય ગરવી ગુજરાત.

## સાહિત્યસભાની માસિક સભામાં 'કવિ કાલીદાસ'નો વાર્તાલાપ

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગર સાહિત્યસભાની દરમાસે મળતી સભા આગામી તા. ૧૩મી જાન્યુઆરીની સાંજે સાડા ચાર વાગે નમન એપાર્ટમેન્ટ, મહારાષ્ટ્ર ભવન સામે, સેકટર-૨૧ ખાતે મળશે. 'કવિ કાલીદાસ' વિષય પર સંસ્કૃતના પ્રાધ્યાપિકા ડૉ. હેમાંગી ઘુઘરાવાલાનું વકતવ્ય રાખવામાં આવ્યું છે. સંસ્થા સભ્યશ્રીઓ, સાહિત્યકારો, ભાવિકો હાજર રહેવા ગુજરાત સાહિત્યસભાના સહમંત્રી મૂળજીભાઈ પરમાર 'દધિ' જણાવેલ છે.

# કડી કેમ્પસના ૪૪૦ વિદ્યાર્થીઓને રૂ. ૭૫ લાખની સ્કોલરશીપ અપાઈ

### સ્વ. માણેકલાલ પટેલની પ્રથમ પૂણ્યતિથિ નિમિત્તે ૩૫૦ વિદ્યાર્થીઓની રૂ. ૪૫ લાખની ફી માં પણ માફી



(તસવીર : દિપક જાની)



### સમાજ કુરિવાજોથી ઘેરાયેલો હતો ત્યારે આ શિક્ષણ સંસ્થાનો પાયો નંખાયો હતો : મેનેજમેન્ટ ક્વોટા નહી : પ્રતિવર્ષ રૂ. ૩૦ કરોડની આવક જતી કરવામાં આવે છે : ચેરમેન વલ્લભભાઈ

ગાંધીનગર, તા. ૧૨

વિદ્યાર્થીઓની શૈક્ષણિક કારકિર્દી તેજસ્વી બનાવવા ઉપરાંત શિક્ષણના અધિકારને મજબુત કરવાના ઉમદા આશય સાથે સર્વ વિદ્યાલય કેળવણી મંડળ દ્વારા આજે ૪૪૦ વિદ્યાર્થીઓને રૂ. ૭૫ લાખથી વધુ રકમની સ્કોલરશીપ એનાયત કરવામાં આવી હતી. જ્યારે ૩૫૦ વિદ્યાર્થીઓની રૂ. ૪૫ લાખની ફી માપી કરાઈ હતી. સંસ્થાના ચેરમેને આ તબક્કે સ્કોલરશીપની રકમનો સદઉપયોગ કરવા ઉપરાંત સામાજિક જીવનમાં અન્યને મદદરૂપ થવાનો અભિગમ કેળવવા પણ વિદ્યાર્થીઓને અનુરોધ કર્યો હતો. સમાજ જ્યારે કુરીવાજોથી ઘેરાયેલો હતો ત્યારે આ સંસ્થાનએ શિક્ષણનો પાયો નાંખી શૈણિકક્ષેત્રે નવી કેડી કંડારી હોવાનું પણ તેમણે જણાવ્યું હતું.

સર્વ વિદ્યાલય કેળવણી મંડળના પૂર્વ ચેરમેન સ્વ. માણેકલાલ પટેલની પ્રથમ પુણ્યતિથિ નિમિત્તે વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવા આજે સ્કોલરશીપ એનાયત કરવામાં આવી હતી. સ્વ. માણેકલાલ એમ. પટેલ



મેમોરીયલ મેરિટ સ્કોલરશીપ વિતરણ સમારોહ દરમિયાન સંસ્થાના ૪૪૦ તેજસ્વી વિદ્યાર્થીઓને રૂ. ૭૫ લાખથી વધુ રકમની સ્કોલરશીપ ચુકવાયી હતી. આ તબક્કે સંસ્થાના ચેરમેન વલ્લભભાઈ પટેલે જણાવ્યું હતું કે આજથી ૯૬ વર્ષ પૂર્વે કર ભલા હોગા ભલાનું સૂત્ર અપનાવી કુરિવાજોથી ઘેરાયેલા સમાજને ઉજ્જવળ ભવિષ્ય તરફ દોરવા ૬ વિદ્યાર્થી સાથે શિક્ષણ સંસ્થા કાર્યરત કરી હતી. આજે સ્વ. માણેકલાલ પટેલના અથાગ પરિશ્રમના અંતે સંસ્થામાં ૫૨ હજારથી વધુ વિદ્યાર્થીઓ વિવિધ ફેકલ્ટીઝમાં શિક્ષણ મેળવી રહ્યા છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે સંસ્થા દ્વારા મેનેજમેન્ટ ક્વોટમાં પ્રવેશ આપવામાં આવતો નથી જ્યારે વિદ્યાર્થીઓના હીતને ધ્યાને લઈ પ્રતિવર્ષ મેનેજમેન્ટક્વોટાની રૂ. ૩૦ કરોડની આવક જતી કરવામાં આવે છે. તેમણે વિદ્યાર્થીઓને મેરીટ આધારિત સ્કોલરશીપ દર વર્ષે આપવામાં આવશે. સંસ્થાના વાઈસ ચેરમેન ડૉ. કનુભાઈ પટેલે પણ વિદ્યાર્થીઓ આર્થિક મજબુરીથી અભ્યાસ ન છોડે તેવી વ્યવસ્થા ગોઠવવામાં આવી હોવાનું જણાવ્યું હતું. આ તબક્કે તેમણે માણેકલાલ મેમોરીયલ ફંડ માટે દાતાઓના સભ્યોને પણ બિરદાવ્યો હતો. જ્યારે આગામી સમયમાં સંસ્થાના વિદ્યાર્થીઓની ફી નહીં લેવાનું સ્વપ્ન સાકાર કરવા પણ આશા સેવી હતી. જ્યારે વર્ષ દરમિયાન ૩૫૦ જેટલા વિદ્યાર્થીઓની રૂ. ૪૫ લાખથી વધુ રકમની ફી માફ કરવામાં આવી હોવાનું પણ તેમણે જણાવ્યું હતું. સ્કોલરશીપ વિતરણ સમારોહમાં સંસ્થાના પ્રમુખ રામભાઈ પટેલ સર્વ વિશ્વ વિદ્યાલયના ડાયરેકટર ડી.ટી. કલગીતા, દાતાઓમાં મહેન્દ્રભાઈ પટેલ, નારણભાઈ પટેલ, મોહનભાઈ પટેલ, વિઠ્ઠલભાઈ પટેલ સહિતના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. અંતમાં યુનિવર્સિટીના રજીસ્ટ્રાર સૂર્યક્રિશ્ન મંત્રાએ આભારવિધિ કરી હતી.

### વિદ્યાર્થીઓના પ્રતિભાવ

સ્વનિર્ભર સંસ્થા દ્વારા આટલી મોટી રકમની સ્કોલરશીપ મળે તે વાત ખરેખર સ્વપ્ન જેવી લાગે છે. પરંતુ આ હકીકત છે, કારણ કે આ માણેકદાદાની સર્વ વિદ્યાલય છે.

**- નિરવ નરેન્દ્રભાઈ પટેલ**

ગુણવત્તાસભર શિક્ષણ અને જરૂરીયાતમંદ વિદ્યાર્થીઓને સહાયતા પણ ખરી ! શિક્ષણમાં મૂલ્યોની વાતો તો ઘણી વાંચી અને સાંભળી, પણ સર્વ વિદ્યાલયમાં જોઈ અને અનુભવી.

**- જાંગીડ અનુરાધા એસ.**

## ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓના સામાન્ય પ્રવાહના પ્રીલિસ્ટ ૧૮મીએ વિતરણ કરાશે

ગાંધીનગર, તા.૧૨

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ ગાંધીનગરના પરીક્ષા સચિવે એક અખબારી યાદીમાં જણાવ્યું છે કે, રાજયની ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓના માર્ચ ૨૦૧૩ સામાન્ય પ્રવાહના પ્રીલિસ્ટ તા. ૧૮મી જાન્યુઆરી ૨૦૧૩ને શુક્રવારે સવારે ૧૧ થી ૪ કલાક દરમિયાન વિતરણ કરવામાં આવશે. સામાન્ય પ્રવાહની તમામ ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓનાં આચાર્ય એ પોતાના અધિકાર પત્ર સાથે વિતરણ સ્થળે સવારે ૧૧ થી ૪ વાગ્યા સુધીમાં સામાન્ય પ્રવાહનું પ્રી-લિસ્ટ મેળવી લેવાનું રહેશે. જેની રાજયની તમામ ઉચ્ચત્તર માધ્યમિક શાળાના આચાર્યઓએ નોંધ લેવી.



વાઈબ્રન્ટમાં જઈ આવ્યો.. ટેકનોલોજી, આઈટી ઈન્ફ્રાસ્ટ્રકચરમાં કાંઈ ખબર ન પડી... એટલે ફ્રી મળતું સાહિત્ય લઈ આવ્યો... પેટ્રોલનો ખર્ચો તો કાઢવો ને...!

## ઉત્તરાયણ પ્રસંગે બાળકો માટે પર્યાવરણ સંરક્ષણનો કાર્યક્રમ યોજાશે

ગાંધીનગર, તા.૧૨

મકરસંક્રાંતિ પર્વ પ્રસંગે કાચના દોરાથી ઉડતા પતંગોથી પક્ષીઓની પાંખ્ર અને ગળુ કપાઈ જવાના અનેક બનાવો બને છે ત્યારે આવી ઘટનાઓ ન બને તે માટે જાગૃતિ કેળવવા શિશુ વિહારના ઉપક્રમે 'નો કાઈટ ફલાઈંગ' કાર્યક્રમ તા. ૧૪મી જાન્યુઆરી ૨૦૧૩ને સવારે ૮.૩૦થી ૧૨.૩૦ કલાક દરમિયાન યોજાશે.

શિશુ વિહાર સંસ્થાના ઉપક્રમે યોજાનાર કાર્યક્રમમાં ભાગ લેનાર બાળકોને પતંગ ઉડાડવા સિવાયની અનેક તાલીમ પ્રવૃત્તિઓ આપવામાં આવશે તેમજ પર્યાવરણ ઉદ્દેશની જાળવણી અંગે 'બ્લોક બગ નેચર કલબ' દ્વારા માર્ગદર્શન આપશે. શિશુ વિહાર સંસ્થાના તાલીમાર્થીઓને વૈષ્ણવ પરિવાર દ્વારા તલ સાંકળી, સુખડી અને ગરમ જરસી આપી બાળકોને પતંગ ન ઉડાડી કાગળ-દોરાનો રાષ્ટ્રીય વ્યય અટકાવાનો સંદેશ આપવામાં આવશે. કાર્યક્રમમાં રસ ધરાવતા બાળકોએ મો.નં. ૯૬૮૭૨૨૬૯૩૯ ઉપર સંપર્ક કરી પોતાના નામ નોંધાવવા એમ મંત્રી ડૉ. નાનકભાઈ ભટ્ટે જણાવ્યું છે.

## વહાણવટી શાળામાં પતંગોત્સવ ઉજવાયો

ગાંધીનગર, તા. ૧૨

વહાણવટી શાળામાં પતંગોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. બાળકો પતંગ અને દોરી લઈ આવ્યા હતા. ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. બાળકોએ કાપ્યો, પકડ્યો જેવી બૂમોથી મેદાન ગજવી દીધું હતું. આનંદ ઉલ્લાસ સાથે કાર્યક્રમ યોજાયો હતો.



### શેઠ એમ. કે. ઓરાણ ગ્રુપ શાળામાં સ્વામી વિવેકાનંદની જન્મજયંતિની ઉજવણી થઈ

પ્રાંતિજ તાલુકાની શેઠ એમ. કે. ઓરાણ ગ્રુપ શાળામાં સ્વામી વિવેકાનંદની ૧૫૧મી જન્મ જયંતિની ઉજવણી નિમિત્તે વિશિષ્ટ કાર્યક્રમો યોજાયા હતા. જેમાં શાળાના વિદ્યાર્થીઓએ વકતૃત્વ સ્પર્ધા યોજાઈ હતી. જેમાં પ્રથમ ક્રમે સૈયદ હજરૂદીન ખેરોટીનઅલી, દ્વિતીય ક્રમે રાઠોડ નેહાબેન ભીખુસિંહ, તૃત્તીય ક્રમે પટેલ શ્રદ્ધા વિનુભાઈ પટેલ વગેરે ઉ.મા. વિભાગમાંથી વિજેતા બન્યા હતા. જ્યારે માધ્યમિક વિભાગમાંથી પ્રથમ ક્રમે દેસાઈ હર્ષદ અમરતભાઈ, દ્વિતીય ક્રમે રાઠોડ હીનાબા નટવરસિંહ, પ્રજાપતિ ધ્રુવિલ અરવિંદભાઈ, તૃત્તીય ક્રમે મકવાણા પીન્કીબા જશવંતસિંહ અગ્રેસર રહ્યા હતા. જ્યારે શાળામાં એક્સપરિમેન્ટલ બી.એડ્. કોલેજના તાલીમાર્થીઓ દ્વારા વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાયા હતા. આ કાર્યક્રમમાં બી.એડ્. કોલેજના અધ્યાપક દિલીપ ચૌહાણ તથા શાળાના આચાર્યશ્રી કે. એન. રાઠોડ સાહેબે પ્રેરણાદાયી પ્રવચનો કર્યા હતા. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન અને આયોજન શ્રી નટુભાઈ પટેલ તથા એસ.આર.સોનીએ સંભાળ્યું હતું. (તસવીર : નટુભાઈ પટેલ)

# સામાજિક સમસ્યાઓની વણથંભી વણઝાર...

**સમાજ અમારો સમસ્યા અમારી**

-પોપટભાઈ પ્રજાપતિ

'ઇલાજ એના ભલે આખુ જીવન કરતા રહો બેફામ
જખમ મટતો નથી, જયારે હ્રદય પર ચોટ લગા છે'

મમ્મી, નિશા સાથેનો સંબંધ મને મંજૂર નથી. આ સંબંધ ફોક ગણવાનું મેં એને જણાવી દીધું છે.

પણ બેટા, તારો સંબંધ કર્યે બે વર્ષ થયા છે, તેં જાતે જ એને પસંદ કરી છે. છોકરી સુશીલ અને સંસ્કારી છે. છતાં તને વાંકુ કયાં પડ્યું?

બસ, મમ્મી, હું એની સાથે સેટ થઇ શકું તેમ નથી. દીકરાના એક જ વાક્યને મમ્મીને અપસેટ કરી નાખી. દિકરાના એક વાક્ય એ મમ્મીને અપસેટ કરી નાખી. એણે દિકરાને સમજાવવા બહુ પ્રયત્ન કર્યો પણ વ્યર્થ... મમ્મીને ચિંતા છે કે બે વર્ષ પુરાણો સંબંદ કોઇ પણ કારણ વગર તોડી નાખીએ તો સામેવાળાની દિકરીના શા હાલ થાય? એના વિશે લોકો મનગમતી વાતો કરી દિકરીને કેટલી બદનામ કરી નાખે. પણ આજના જુવાનિયાઓને આની 'ગંભીરતા કેમ નહિ સમજાતી હોય? આ કોઇ એકાદ કુટુંબની વાત નથી આજના પ્રત્યેક ઘર કોઇને કોઇ સામાજિક સમસ્યાથી ઘેરાયેલા છે. દિકરી ઉંમર લાયક થતાં યોગ્ય મુરતિયાની શોધ મા-બાપ માટે ચિંતાનો વિષય બને છે. રૂપ છે તો શિક્ષણ નથી, શિક્ષણ છે તો સંસ્કાર નથી, બંને છે તો પરિવાર સામાન્ય છે, ઘર સુખી છે તો હાલ છોકરો લગ્ન કરવાની ના પાડે છે. બધી બાજુનો મેળ પડે તો બંનેના ગ્રહો મળતા નથી... અને ઘણી બધી બાંધછોડ કરી દિકરીનો સંબંધ નક્કી કરાય તો જમાઇરાજને કેટલી છૂટછાટ આપવી? વારે તહેવારે સામાન્ય કે સામાજિક પ્રસંગોએ દિકરીને વારંવાર ફરવા લઇ જતા જમાઇરાજને 'ના' પાડવાની હિંમત નથી ચાલતી. વારંવાર મોકલવામાં ચિંતા એ છે કે વાતાવરણમાં મલિનતા એટલી વ્યાપી ગઇ છે કે આ દલદલમાં યૌવન પોતાના પર સંયમ રાખી શકે તેમ નથી અને વડિલો તેમના પર કંટ્રોલ કરી શકે તેમ નથી. સમય બહુ તીવ્ર ગતિએ આગળ વધી રહ્યો છે. આધુનિક કલ્ચરમાં પશ્ચિમની છાંટ વરતાય છે.

હવે તો ઇન્ટરનેટ પર ચેટ કે ઓનલાઇન ડેટીંગ દ્વારા સંબંધો નક્કી થાય છે. આજના ઇન્ફર્મેશન ટેકનોલોજીના જમાનામાં દિલના તરંગો કોમ્પ્યુટર પર પહોંચાડવાનું હાથવગું થઇ ગયું છે. રસ્તે હાલતા ચાલતા મોબાઇલ દ્વારા એક બીજાને પ્રપોઝ કરી દેખાય છે. આમાં મા-બાપની સંમતિની તેમને જરૂર જણાતી નથી. માબાપનો ઇન્કાર કોર્ટ-મેરેજમાં પરિણમે છે. ગુજરાતના એક શિક્ષિત નગરમાં એક વર્ષમાં સો ઉપરાંત છોકરીઓ ભણતા ભણતા કોર્ટ મેરેજ કરી બેઠી કે પ્રેમીઓ સાથે પલાયન થઇ ગઇ, એવું સરકારી દફતરે નોંધાયેલું છે. ઘરના સંસ્કાર ગમે તેટલા ઉજલા હોય પણ મિત્રવર્તુળ નઠારૂ મળે તો તમે કેટલાંની ઝડતી લઇ શકો? સ્ત્રીની માનસિક નબળાઇનો દુરૂપયોગ કરનારા સહેલાઇથી મળી જાય છે. યૌવનને સાચવવું એ વડિલોની સૌથી મોટી મૂંઝવણ છે.

આ જ નગરની એક દુર્ઘટના આધુનિક યૌવનની માનસિકતાના ખોખલાપણાને ઉજાગર કરવા પુરતી થઇ પડશે. કોલેજમાં ભણતા યુવક-યુવતી વચ્ચે ફ્રેન્ડશીપ થાય છે. વડીલોએ ફ્રેન્ડશીપ સામે વાંધો ન લીધો કારણ કે આમ કરવામાં તેમને એમની સ્વતંત્રતા પર તરાપ લાગતી હતી. ફ્રેન્ડશીપમાં પ્રેમનાં અંકુરો ફૂટ્યા. બંને બિન્દાસ થઇ ફરવા લાગ્યા. ડાન્સ પાર્ટી, વેલેન્ટાઇન ડે, ક્રિસમસ પાર્ટી વિગેરે વિગેરે... અને એમાં કોઇ નબળી ક્ષણે બંને વચ્ચે શારીરિક સંબંધ બંધાયો. યુવતીને બે માસનો ગર્ભ રહ્યો. યુવકને યુવતીએ આની જાણ કરી ત્યારે ભાવિ પત્નીના પડખે રહેવાને બદલે યુવકનાં મનમાં શંકાનો કીડો સળવળે છે. છોકરી બિન્દાસ છે. રખેને કોઇ બીજા સાથે તેને પ્રેમ હોય? શંકાનું સમાધાન ન થાય ત્યાં સુધી માનવી દિશા શૂન્ય અને લાગણી શૂન્ય બની જાય છે. કયારેક તે વિવેકભાન પણ ગુમાવે છે... યુવકનો યુવતી સાથેનો વ્યવહાર બદલાય છે. યુવતી પોતાના પ્રેમની દુહાઇ કરી કાકલૂદી કરે છે. પણ વ્યર્થ.... છેવટે યુવક તેને મળવાનું બંધ કરી દે છે... મોબાઇલ સ્વીચ ઓફ થઇ જાય છે... રસ્તા ફંટાઇ જાય છે. યુવતી માથે આભ તૂટી પડે છે... રસ્તા ફંટાઇ જાય છે પણ... વડીલોની વેદના છે કે આધુનિક યૌવનમાં સંવેદનહીનતા અને લાગણી શૂન્યતાનો આંક વધી રહ્યો છે. સહાનુભૂતિ અને લાગણીશીલતા નામશેષ થતા જાય છે. સહન કરવું કે નીભાવી લેવાની વાતમાં પોતાનો અહમ્ ઘવાતો હોય તેમ લાગે છે. સંસાર નિભાવવો હોય તો ડગલે ને પગલે યુવતીએ સાવધાન રહેવું પડે છે. પુરૂષ પ્રધાન સમાજમાં નારીએ હંમેશાં સમાધાનો કરવા પડે છે. કયાંક પણ આત્મસન્માન કે ગરીમાની વાત કરી લો પરિણામ ભોગવવાની તૈયારી રાખવી પડે છે. લવમેરેજ પહેલાનો પ્રેમ પતિ-પત્ની બન્યા પછી વિસંવાદિતા અને સમસ્યાઓમાં અટવાઇ જાય છે પછી ફક્ત મેરેજ બાકી રહે છે, 'લવ' શોધવો પડે છે. વિસંવાદીતા વધતાં એકબીજાને સુખી કરવાની ભાવનાથી જોડાયેલ બે પાત્રો કઇ રીતે એકબીજાને દુ:ખી કરી શકાય તેની પેરવીમાં લાગી જાય છે.

લગ્ન જીવનમાં એકાદ બાળક થયા પછી પણ બંને વચ્ચેનો વિખવાદ છેવટે બાળકને કબજો મેળવવા કોર્ટનો સહાલો લે છે. કયારેક પતિપત્ની વચ્ચેના મનદુ:ખમાં નિર્દોષ સાસુ સસાર ૪૯૮ની કલમમાં જેલના સળિયા ગણે છે. વડીલો બિચારા બાપડા બની આ બધી સમસ્યાઓનો હલ શોધવા પ્રયત્ન કરે છે, પણ પરિવારમાં બનતી ઘટનાઓ કયારેક હ્રદય પર કાયમી ચોટ કરી જાય છે.

'ઇલાજ એના ભલે આખું જીવન કરતા રહો બેફામ
જખમ મટતો નથી, જયારે હ્રદય પર ચોટ લાગે છે'

## શંકાનું સમાધાન ન થાય ત્યાં સુધી માનવી દિશા શૂન્ય અને લાગણી શૂન્ય બની જાય છે